GJDH030045412025

| દાખલ તારીખ | ૧૫/૧૧/૨૦૨૫ |
|---|---|
| રજુ તારીખ | ૧૫/૧૧/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ |

सत्यमेव जयते

**મે. દેવગઢ બારીઆના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**શ્રી(એસ.આર.વકીલ) સાહેબની અદાલત સમક્ષ, મુ. દેવગઢ બારીઆ**

**ક્રિમીનલ કેસ નં. ૩૮૮૫/૨૦૨૫**

**આંકઃ–૨૨**

**ફરીયાદીઃઃ–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃઃ–** **(૧) સુરેશભાઇ કાળુભાઇ રાઠવા,**
**રહે. સીંગળાજા, સુથાર ફળીયુ, તા. જિ. છોટા ઉદેપુર.**
**(૨) પ્રકાશભાઇ કરશનભાઇ રાઠવા,**
**રહે. મીઠીબોર, નિશાળ ફળીયુ, તા. જિ. છોટા ઉદેપુર.**

**એડવોકેટઃઃ–** **ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એસ. એમ. ડામોર**
**આરોપી તરફે વિ.વ.શ્રી એસ. ટી. દડી**

**ગુનોઃ– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબ**

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૫ઃ૩૦ વાગે મોજે ખાંડણીયા ગામે રોડની બાજુમાં આવેલ ખેતરના ભાગે આ કામના આરોપીઓએ અન્ય આરોપીના મેળાપીપણામાં પ્રોહી. પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે બિનઅધિકૃત રીતે વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ લાવી/મંગાવી વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.–૧૭–સીઈ–૦૦૭૯ માં ભારતીય બનાવટના વિદેશી દારૂ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટ્રોંગ ૫૦૦ મી.લી.ના પતરાના ટીન બીયર નંગ–૧૯૪૪ કિંમત રૂ. ૨,૫૨,૭૨૦/– તથા ગાડીની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂ. ૭,૫૨,૭૨૦/– નો પ્રોહી. મુદ્દામાલ ભરાવી તેમના બે માણસો મારફતે ડીલીવરી માટે મોકલી આપતાં બને ઇસમો વિદેશી દારૂ વહન કરી લઇ આવતાં પોલીસ વોચ દરમ્યાન ગાડીનો ચાલક તથા તેની સાથેનો બીજો ઇસમ મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી જઇ તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનો કરેલ હોય આ કામના ફરિયાદીએ સદર આરોપીની સામે સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી છે.

(૨) ફરિયાદીની સદર ફરિયાદ સાગટાળા પો.સ્ટે. પાર્ટ સી ગુના રજીસ્ટર નંબર ૦૪૯૯/૨૦૨૫ થી નોંધી આ ફરિયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતાં તપાસ કરનાર અમલદારશ્રીએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ મેળવી, સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ગુજરાત પ્રોહીબીશન એકટ (જેને હવે ટુંકમાં પ્રોહી. એકટ તરીકે સંબોધેલ છે)ની કલમ-૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતાં ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ. તરીકે સંબોધેલ છે)ની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૬૩ મુજબ આ કામના આરોપીની સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી સદર તહોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવીને આંક-૦૫, ૦૬ થી આરોપીનું સ્ટેટમેન્ટ યાને નિવેદન રેકર્ડ કરતાં આરોપીએ તેમની સમક્ષના ગુનાનો ઇન્કાર કરતા આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદ પક્ષ તરફે પુરાવા રજુ માટે રાખવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવતાં આ કામે ફરિયાદ પક્ષ તરફે આ કામના આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**-:: મૌખિક પુરાવા ::-**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી કેસરસીંહ સોમાભાઇ ધોબીનાઓની જુબાની | ૦૭ |
| ૨ | પંચસાહેદ હિતેશભાઇ સરદારસીંગ બારીઆનાઓની જુબાની | ૦૯ |
| ૩ | પંચસાહેદ બળવંતભાઇ બીજલભાઇ બારીઆનાઓની જુબાની | ૧૧ |
| ૪ | ત.ક.અ. ધર્મેશ સમંતરાવ લ્હાડનાઓની જુબાની | ૧૭ |

**-:: દસ્તાવેજી પુરાવા ::-**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૮ |
| ૨ | મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૧૮ |
| ૪ | મીલ્કત જપ્તી મેમો | ૧૯ |

ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિદ્વાન એ.પી.પી.શ્રી એ ખુલ્લી અદાલતમાં પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ. જેમાં આરોપીએ સદર કેસ ખોટો કરેલ હોવાનું જણાવેલ છે અને આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તર્ફે પુરાવાઓ રજુ કરવાનો હકક પુર્ણ જાહેર કરી આ કામ આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

**<u>–:: ફરિયાદ પક્ષ તરફેની દલીલો ::–</u>**

(૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રીએ તેઓની દલીલમાં જણાવેલ છે કે હાલના કામે આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષ તરફે પુરવાર કરેલો છે અને હાલના કામે ફરિયાદી તથા તપાસ કરનાર અમલદારનાઓની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતાં આ કામના આરોપીના કબજામાંથી હાલનો મુદ્દામાલ દારૂ મળી આવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાય આવે છે અને સદર સાહેદોની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસ થકી પણ સાહેદોની જુબાનીને ખંડન થઈ શકે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવી શકેલ નથી. જેથી ફરિયાદ પક્ષ તરફે તેઓનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોવાનું જણાવી આરોપીને કાયદા મુજબની સજા કરવા દલીલ કરેલ છે.

**<u>–:: આરોપી પક્ષ તરફેની દલીલો ::–</u>**

(૫) આ કામના આરોપીના વિ.વ.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનું રેકર્ડ પરના પંચનામા થકી પુરવાર થતુ નથી. આથી આરોપીની સામેનો ગુન્હો શંકા થી પર પુરવાર કરી શકેલા ન હોવાથી આરોપીને હાલના ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફેના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ દલીલો, ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓ વંચાણે લેતાં આ ફરિયાદના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

(૧) શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તારીખ ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૫ઃ૩૦ વાગે મોજે ખાંડણીયા ગામે રોડની બાજુમાં આવેલ ખેતરના ભાગે આ કામના આરોપીઓએ અન્ય આરોપીના મેળાપીપણામાં પ્રોહી. પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે બિનઅધિકૃત રીતે વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ લાવી/મંગાવી વેચાણ કરવાના ઈરાદે પોતાના કબજાની ફોર વ્હીલ ગાડી નં. જી.જે.-૧૭-સીઈ-૦૦૭૯ માં ભારતીય બનાવટના વિદેશી દારૂ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટ્રોંગ ૫૦૦ મી.લી.ના પતરાના ટીન બીયર નંગ-૧૯૪૪ કિંમત રૂ. ૨,૫૨,૭૨૦/- તથા ગાડીની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ. ૭,૫૨,૭૨૦/- નો પ્રોહી. મુદ્દામાલ ભરાવી તેમના બે માણસો મારફતે ડીલીવરી માટે મોકલી આપતાં બને ઇસમો વિદેશી દારૂ વહન કરી લઈ આવતાં પોલીસ વોચ દરમ્યાન ગાડીનો ચાલક તથા તેની સાથેનો બીજો ઈસમ મુદ્દામાલ સ્થળ ઉપર મુકી નાસી જઇ  તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫ઈ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**પુરાવાનુ મુલ્યાંકન ::-**

(૮) હાલના કામે ફરિયાદ પક્ષે આરોપીની વિરૂધ્ધ આંક-૦૪ થી આક્ષેપાયેલ તહોમત મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે સૌપ્રથમ આ કામના આરોપીના પોતાના પ્રત્યક્ષ કબજામાંથી હાલના કામનો મુદ્દામાલ મળી આવ્યા હોવાની હકીકત તથા સદર મુદ્દામાલ પંચોની હાજરીમાં રીકવર કરેલ હોવાની હકીકત પુરવાર કરવી પડે. જે અનુસંધાને સદર તહોમત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી હાલના કામે સૌપ્રથમ હાલના કામના ફરિયાદી કેસરસીંહ સોમાભાઈ ધોબીનાઓને આંક-૦૭ થી ત.ક.અ. ધર્મેશ સમંતરાવ લાડનાઓને આંક-૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આમ હાલના કામે ફરિયાદ પક્ષે જે પણ સાહેદ તપાસવામાં આવેલા છે તે પોલીસ સાહેદ છે જેઓએ તેઓની ફરિયાદ, નિવેદન તથા તપાસને અનુરૂપ જુબાની આપેલી છે એટલે કે તેઓએ હાલના

કામે આંક–૦૮ થી રજુ થયેલી ફરિયાદને સમર્થન મળે તે મુજબની જુબાની આપેલ છે પરંતુ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૬ માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાને લેતાં મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતાં સાહેદમાં થતો હોય રસ ધરાવતાં સાહેદની જુબાની સ્વતંત્ર સાહેદની જુબાની દ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપી વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી તે મુજબની જોગવાઇ ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતાં કોઇ સ્વતંત્ર સાક્ષી રેકર્ડ પર તપાસેલ નથી.

વધુમાં હાલના કામે રેકર્ડ વંચાણે લેતાં હાલના કામનો મુદ્દામાલ આ કામના આરોપી પાસેથી રીકવર કરેલ હોવાની હકીકત પણ ફલીત થતી નથી. એટલે કે હાલના આરોપી પાસેથી મુદ્દામાલનું એકચુઅલ પઝેશન પુરવાર થતું નથી એટલે કે હાલના કામનો મુદ્દામાલ આ કામના આરોપીએ ધારણ કરેલો હોય કે તેઓની પાસેથી મળેલો હોય તેવું રેકર્ડ પરથી ફલીત થતું નથી.

વધુમાં આ કામે મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચસાહેદ હિતેશભાઇ સરદારસીંગ બારીઆનાઓને આંક–૦૯ થી તથા બીજા પંચસાહેદ બળવંતભાઇ બીજલભાઇ બારીઆનાઓને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પરંતુ સદર પંચસાહેદ હાલના કામે કરવામાં આવેલ પંચનામાની અને ફરિયાદ પક્ષના કેસની હકીકતને જુબાની થકી સમર્થન આપેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષે આંક–૧૦ થી મુદ્દામાલ રીકવરી પંચનામુ રજુ કરેલ છે.

(૯) વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો, **<u>2016 0 Supreme(Guj) 2018; The State of Gujarat Versus Yadvendrasing Sardar Surjitsing Jat (Shaikh) & Ors.</u>** નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા પારા નંબર–૧૦માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

*10. " On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also*

*failed to disclose during the investigation the labels indicating the brand of such liquor. However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper".*

(૧૦) વધુમાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ સદર કામે પંચસાહેદો હોસ્ટાઈલ થયેલ છે. તેમજ આંક–૦૭ થી તપાસવામાં આવેલ ફરિયાદી કેસરસીંહ સોમાભાઈ ધોબીનાઓની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેઓ તેમાં એ વાત કબુલ રાખે છે કે આરોપીની હાજરીમાંથી મુદ્દામાલ મળી આવેલ નહી. તેમજ એ વાત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે બનાવવાળી જગ્યા એ બારીઆ સાગટાળા રોડ આવેલ છે અને ત્યાં ઘણાં બધા વાહનોની અવર જવર રહે છે. જયારે આંક–૧૭ થી તપાસેલ ત.ક.અ. ધર્મેશ સમંતરાવ લ઼ાડને તપાસેલ છે. જેઓ તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે પંચનામુ કોમ્પ્યુટરમાં ટાઈપ કરેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે ફરિયાદમાં પેટ્રોલીંગમાં કયાં વાહનમાં ગયેલા તેના નંબરનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ એ વાત કબુલ રાખે છે કે બનાવાવળી જગ્યાની આજુબાજુ મકાનો આવેલ છે. તેમજ એ વાત કબુલ રાખે છે કે પંચો સ્થાનીક ગામના હતાં. તેમજ એ વાત કબુલ રાખે છે કે સ્થળ ઉપરથી આરોપીઓ મુદ્દામાલ સાથે મળી આવેલ નહી. તેમજ એ વાત કબુલ રાખે છે કે આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. આથી હાલના કામે ફરિયાદ પક્ષ તરફથી આ કામના આરોપી પાસેથી હાલનો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય તેમજ આરોપી બનાવવાળી જગ્યાએથી પકડાયેલ ન હોય આ કામના આરોપીની પાસેથી જ હાલના કામનો મુદ્દામાલ મળ્યા હોવા અંગેની હકીકત માની શકાય તેમ નથી. આમ આ કામે જયારે રીકવરી પુરવાર થતી ન હોય અને મુદ્દામાલનું પ્રત્યક્ષ કબજો રેકર્ડ પર આવી શકેલ ન હોય તેવા સંજોગોમાં અન્ય સાહેદોને સોગંદ ઉપર તપાસવાથી ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ જણાય આવતું નથી.

(૧૧) આમ, આરોપી પાસેથી હાલના કામે જણાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂ માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટ્રોંગ ૫૦૦ મી.લી.ના પતરાના ટીન બીયર નંગ–૧૯૪૪ કિંમત રૂ. ૨,૫૨,૭૨૦/– તથા ગાડીની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂ. ૭,૫૨,૭૨૦/– નો મુદ્દામાલ મળી આવ્યાનો ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

- આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૧૧૬બી, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલમાં વાહન તથા મોબાઇલ હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઇ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ વાહન તથા મોબાઇલનો અપીલ સમય પત્યા બાદ કોઇપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઇમ ન હોય તો **<u>નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઇ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં</u>** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઇ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૪૮૧ મુજબ આપેલ જામીન છ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૨૫/૦૬/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઇ વકીલ)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**દેવગઢ બારીઆ**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**